# આંદોલન માટે લોકોના પગ સડકો પર ચાલે તે પહેલાં, તેમના મનમાં વિચાર ચાલે છે

પૂરા દેશે રાજધાની દિલ્હીમાં તાજેતરમાં હજારો વિદ્યાર્થીઓને રસ્તા પર ઊતરતા જોયા. હાથમાં પ્લેકાર્ડ હતા, હોઠ પર સૂત્રોચ્ચાર હતા અને આંખોમાં એક બેચેની હતી. કોઈકે તેમને દેશનું ભવિષ્ય કહ્યા, કોઈકે તેમને



ભટકેલા કહ્યા. કોઈ તેમના સમર્થનમાં ઊભા રહ્યા, કોઈ તેમના વિરોધમાં. ટીવી અને સોશિયલ મીડિયાની સ્ક્રીન પર દેખાતી આ ભીડમાં આપણે ચાલતાં પગ તો જોયા, પરંતુ કદાચ એ વિચારોને ન જોઈ શક્યા, જેણે આ પગને સડકો સુધી પહોંચાડ્યા હતા. વાસ્તવમાં, દરેક આંદોલનની શરૂઆત સડક પર નથી થતી. તે કોઈ યુનિવર્સિટીના દરવાજે નથી થતી. તે કોઈ નારા કે ભાષણથી પણ શરૂ નથી થતી. તેનો પહેલો પગરવ વ્યક્તિના અંતરાત્મામાં સંભળાય છે. એક દિવસ કે અચાનક નહીં, પરંતુ ધીરે-ધીરે તેની અંદર એક વિચાર જન્મ લે છે–‘હવે કશુંક બદલાવું જોઈએ.’ આ જ એ ક્ષણ હોય છે, જ્યારે ઇતિહાસની અસલી શરૂઆત થાય છે.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

ઇતિહાસ આપણને આંદોલનોની તારીખ બતાવે છે. ક્યારે રેલી નીકળી હતી, કેટલા લોકો સામેલ થયા હતા, શું માંગણી હતી અને તેનું શું પરિણામ આવ્યું તેની વિગતો આપે છે. પરંતુ નાગરિકોના મનમાં જે વિચારોની, ભાવનાઓની, ચિંતાઓની અને નિરાશાઓની લાંબી, મૌન યાત્રા ચાલતી હોય છે, તેનું કોઈ કેલેન્ડર નથી હોતું. એ કોઈ નોંધતું નથી કે કયા યુવકે પહેલી વાર ક્યારે મહેસૂસ કર્યું હતું કે તેની ચૂપકીદી હવે તેના વિવેકની વિરુદ્ધ જઈ રહી છે. એ કોઈ નથી લખતું કે કયા વિદ્યાર્થીએ કેટલી રાતો સુધી પોતાના મનમાં વાદ-વિવાદ કર્યા હશે અને પછી તે વિરોધ પ્રદર્શનમાં જોડાયો હશે. બહાર દેખાતું આંદોલન હંમેશાં અંદર ચાલતી એક અદૃશ્ય પ્રક્રિયાનું અંતિમ દૃશ્ય હોય છે. આપણે ઘણીવાર એવું માની લઈએ છીએ કે ભીડ વ્યક્તિને ઘડે છે. પરંતુ કદાચ સત્ય તેનું ઊલટું છે. ભીડ ત્યારે જ બને છે, જ્યારે અનેક વ્યક્તિઓ અલગ-અલગ જગ્યાએ બેઠાં બેઠાં લગભગ એકસરખી બેચેની અનુભવવા લાગે. તેઓ એકબીજાને ઓળખતા પણ નથી, છતાં તેમના મનમાં ઊભા થતા પ્રશ્નો એકસરખા હોય છે. પછી એક દિવસ એ જ પ્રશ્નો તેમને એક જ સ્થળે ભેગા કરી દે છે.

અને એવાં પણ થયાં છે, જેમણે તેને પાછળ ધકેલી છે. એટલે કોઈપણ આંદોલનનો સૌથી મહત્વનો આધાર તેની જનસંખ્યા નહીં, પરંતુ તેનો નૈતિક આધાર હોય છે. આંદોલનની પ્રથમ કસોટી રસ્તા પર નહીં, પરંતુ મનની અંદર થાય છે. શું મારો આક્રોશ ન્યાયસંગત છે? શું હું માત્ર ભીડનો હિસ્સો છું કે મારા પોતાના વિવેકથી પણ સક્રિય છું? શું હું માત્ર કોઈ વ્યક્તિના વિરોધમાં ઊભો છું કે કોઈ મૂલ્યના સમર્થનમાં?

આ પ્રશ્નો જેટલી પ્રામાણિકતાથી પૂછવામાં આવશે, આંદોલન એટલું જ પરિપક્વ બનશે. મહાત્મા ગાંધીજીએ એક વખત કહ્યું હતું કે સાધન અને સાધ્યને અલગ કરી શકાય નહીં. આ માત્ર રાજકીય નિવેદન નહોતું, પરંતુ માણસના અંતરમાં ચાલતી પ્રક્રિયાનું પણ એક સત્ય હતું. જો વિચારમાં કરુણા ન હોય, તો સંઘર્ષમાં પણ કરુણા ટકી ન રહે. જો વિચારમાં સન્માન ન હોય, તો જીત મળ્યા પછી પણ સન્માન બચી ન શકે. એટલે દરેક આંદોલનનું મૂલ્યાંકન પહેલાં તેના વિચારોની ગુણવત્તાથી થાય છે, તેની ભીડની સંખ્યાથી નહીં. આજનો સમય એક નવો પડકાર લઈને આવ્યો છે. પહેલાં વિચારો ધીરે-ધીરે ઘડાતા હતા. હવે પ્રતિક્રિયાઓ અત્યંત ઝડપથી સર્જાય છે. સોશિયલ મીડિયા પર એક વિડિયો, એક પોસ્ટ અથવા એક હેશટેગ થોડા જ કલાકોમાં લાખો લોકો સુધી પહોંચી જાય છે. લાગણીઓ વીજળીની ગતિએ ફેલાય છે. પરંતુ વિચારો આજે પણ એ જ જૂની ગતિએ ઘડાય છે. તેમને સમય જોઈએ, સંવાદ જોઈએ, અસહમતિ જોઈએ અને આત્મમંથન જોઈએ. જો આપણે પ્રતિક્રિયાને જ વિચાર માની લઈશું, તો આપણા આંદોલનો પણ ક્ષણિક બની જશે. તેઓ લહેરની જેમ ઊભા થશે અને એટલી જ ઝડપથી શમી જશે. સ્થાયી પરિવર્તન હંમેશાં ગહન વિચારોમાંથી જન્મે છે.

**એક દિવસ કે અચાનક નહીં, પરંતુ ધીરે-ધીરે તેની અંદર એક વિચાર જન્મ લે છે–‘હવે કશુંક બદલાવું જોઈએ.’ આ જ એ ક્ષણ હોય છે, જ્યારે ઇતિહાસની અસલી શરૂઆત થાય છે**

કોઈ પણ સામાજિક આંદોલનને સમજવું હોય, તો સૂત્રોચ્ચાર પહેલાં તેના મૂળમાં રહેલા પ્રશ્નોને સમજવા પડશે. અહીં એક રસપ્રદ વાત છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં અસંખ્ય એવી બાબતો જુએ છે, જેની સાથે તે સહમત નથી હોતી. છતાં મોટા ભાગના લોકો ચૂપચાપ દૈનિક જીવન ગુજારતા રહે છે. જાણે તેઓ વિચારતા હોય–‘એમાં મારે શું?’ અથવા ‘હું એકલો શું કરી શકું?’ પરંતુ અમુક લોકો ત્યાં જ થંભી જાય છે. તેઓ એ પ્રશ્નને પોતાના અંતરમાં સ્થાન આપે છે. તેઓ તેને દબાવતા નથી, પરંતુ તેની સાથે સંવાદ કરે છે. અહીંથી જ પરિવર્તનની શરૂઆત થાય છે. તત્ત્વચિંતક સોક્રેટિસ કહેતા હતા કે સમજણ અને આત્મચિંતન વગરનું જીવન જીવવા યોગ્ય નથી. કદાચ એ જ રીતે, પ્રશ્નો વિના કોઈ સમાજ પણ લાંબા સમય સુધી જીવંત રહી શકતો નથી. પ્રશ્નો સમાજના વિરોધમાં નથી હોતા; તેઓ સમાજને જીવંત રાખે છે. જે દિવસે કોઈ સમાજમાં પ્રશ્નો પૂછવાનું બંધ થઈ જાય, એ દિવસે ત્યાં માત્ર વ્યવસ્થા બચી રહે છે, જીવન નહીં. પરંતુ તેનો બીજો પાસો પણ એટલો જ મહત્વનો છે. મનમાં જન્મેલો દરેક વિચાર સાચો જ હોય એવું જરૂરી નથી. દરેક આંદોલન ન્યાયસંગત જ હોય એવું પણ નક્કી નથી. ઇતિહાસમાં એવા આંદોલનો જરૂર થયાં છે, જેમણે માનવતાને આગળ વધારી છે

કદાચ એટલા માટે જ વિશ્વના લગભગ દરેક મોટા પરિવર્તનની શરૂઆત કોઈ એકલા વ્યક્તિથી થઈ છે. ભગવાન બુદ્ધે પહેલાં પોતાના અંતરમાં પ્રશ્ન ઉઠાવ્યો. ગાંધીજીએ પહેલાં પોતાના મનમાં અન્યાયનો અનુભવ કર્યો.

માર્ટિન લૂથર કિંગ જુનિયરે પહેલાં પોતાના મનમાં સમાનતાનું સ્વપ્ન જોયું. પછી લોકો તેમની સાથે જોડાયા. પહેલાં વિચાર ચાલ્યો, પછી વ્યક્તિ આગળ વધી અને અંતે સમાજ આગળ વધ્યો.

આપણે ઘણી વાર વિચારીએ છીએ કે આંદોલનો લોકોમાં પરિવર્તન લાવે છે પરંતુ કદાચ તેનાથી પણ મોટું સત્ય એ છે કે આંદોલનો એવા લોકો દ્વારા સર્જાય છે, જે પોતે પહેલેથી જ બદલાઈ ચૂક્યા હોય છે.

રસ્તા પર ઊઠતું દરેક પગલું મનમાં ઊઠેલા કોઈ પ્રશ્નનો પડઘો હોય છે. અને કદાચ એ જ લોકતાંત્રિક સમાજની સૌથી મોટી શક્તિ છે. ત્યાં માત્ર રસ્તાઓ નથી હોતા; ત્યાં એવા નાગરિકો પણ હોય છે, જે સમયાંતરે પોતાના અંતરમાં ઝાંખી કરે છે.

તેઓ પોતાના સમય સાથે અસહમતિ પણ વ્યક્ત કરે છે અને તેની પ્રત્યે જવાબદારી પણ અનુભવે છે. તેઓ માત્ર દર્શક બનીને જીવવા માંગતા નથી. આવા નાનાં-નાનાં આંતરિક આંદોલનો જ આગળ જઈને મોટા સામાજિક પરિવર્તનોનો પાયો બને છે.

# ચોમાસું અને તંત્ર-મંત્ર

મથાળા પરથી કોઈ એવું ન ધારે કે આ લેખ મંત્ર-તંત્ર કે તંત્ર-મંત્ર વિશેનો છે. દરેક વર્ષે ચોમાસામાં શહેરો, નગરો અને ગામોની જે સ્થિતિ થાય છે, તેના માટે જવાબદાર એવા તંત્ર વિશેના કેટલાક મંત્ર અહીં ભણવાના છે.

ગુજરાતનાં શહેરો-ગામોમાં ચોમાસાનું સર્વસામાન્ય દૃશ્ય કયું? આ યાદીમાં પાણીનાં ખાબોચિયાં, તળાવ અને તેની વચ્ચે ક્યાંક-ક્યાંક જોવા મળી જતા રસ્તાના અવશેષો તો ખરા જ, પણ એ સિવાયનું એક દૃશ્ય એટલે કોઈ ને કોઈ કામ માટે ખોદાયેલા રસ્તા. ઘણા લોકોને એવી શંકા પડે છે કે તંત્ર એટલે વહીવટી તંત્ર આખું વર્ષ આતુરતાથી વરસાદની રાહ જોયા પછી, વરસાદ ક્ષિતિજે ડોકાતો હોય ત્યારે રસ્તાનાં, પાઈપલાઈનનાં ને એવાં કામ શરૂ કરે છે, જેથી તે પણ શરૂ કરીને અધવચ્ચે અટકાવી દેવાં પડે.

એક કહેવત હતી કે છાપરાનું સમારકામ કરવાની શ્રેષ્ઠ ઋતુ ચોમાસું નહીં, પણ ઉનાળો છે. એ કહેવત હવે જૂની થઈ. વિકાસનાં બેવડાં-ત્રેવડાં એન્જિનથી ધસમસાટ (કઈ તરફ, એ પૂછવું નહીં) દોડી રહેલા રાજ્ય માટે કામ હાથમાં લેવાની ઉત્તમ ઋતુ ચોમાસું હોય એમ લાગે છે. ચોમાસું ડોકાતું હોય, તેની આગાહીઓ થઈ રહી હોય ત્યારે તંત્રનું કામ શરૂ થાય છે. તે જોઈને પહેલાં તો કોઈને એવી શંકા જાય કે આ વર્ષે ચોમાસાના નામનું નાહી નાખવાનું હશે? એવું ન હોય અને ચોમાસું નિયમિત રહેવાનું હોય, તો આ લોકો બરાબર ચોમાસાટાણે શા માટે કામ કાઢીને બેઠા હશે? પછી બીજો વિચાર એવો આવે કે શું સરકારી કામની ઝડપ એટલી વધી ગઈ હશે કે વરસાદના આગમનની એંધાણીઓ વચ્ચે શરૂ થયેલું કામ પહેલો વરસાદ આવે ત્યાં સુધીમાં પૂરું થઈ જાય?

પણ આ બંને આશંકા ખોટી પુરવાર થાય છે. ચોમાસું અપેક્ષા મુજબ જ આવે છે અને કામ રાબેતા મુજબ જ અટકી-અટકીને ચાલે છે. તેમ છતાં, તંત્રના આવા પગલાંની ટીકા કરતાં ઘણા ખચકાય છે. કારણ કે, તેમને

**એવું ન હોય અને ચોમાસું નિયમિત રહેવાનું હોય, તો આ લોકો બરાબર ચોમાસાટાણે શા માટે કામ કાઢીને બેઠા હશે?**

પહેરાવાયેલા વિકાસના ગુલાબી ચશ્માંમાંથી દેખાય છે કે ભલે થોડો સમય તકલીફ પડે, પણ છેવટે તો વિકાસનું જ કામ થઈ રહ્યું છેઃ નવો રસ્તો બની રહ્યો છે, રસ્તા પર નવું પડ પથરાઈ રહ્યું છે, ફ્લાયઓવરનું કે અન્ડરપાસનું કામ ચાલે છે, જૂની પાઈપો કાઢીને નવી અને નાની પાઈપોને બદલે મોટી પાઈપો નખાઈ રહી છે... ટૂંકમાં, વિકાસનું આવું કામ થતું હોય ત્યારે થોડી અગવડ ખમવી પડે.

કેટલાક ચશ્માં આંખનાં નહીં, મગજનાં હોય છે. વિકાસના ચશ્માં એ જ પ્રકારનાં છે. એટલે તે પહેરી લીધા પછી સાદા સવાલ પણ થતા નથી. વિકાસ લગભગ નવો ધર્મ બની ચૂક્યો હોય અને વિકાસના નામે ખરેખર કોનો વિકાસ થયો, એ પૂછવા-સમજવાની બાધા હોય, ત્યાં તંત્રના વિકાસમંત્રની ટીકાનું જોખમ કોણ વહોરે? દર



વર્ષે મામૂલી વરસાદમાં શહેરોના રસ્તા પાણીથી છલકાઈ ઊઠે ત્યારે ચોમાસા માટેનાં કરોડો રૂપિયાનાં આયોજનોનું અને એક્શન પ્લાનનું શું થયું, એવી ચર્ચા માધ્યમોમાં ટાઈમપાસ માટે આવે ખરી, પણ લોકોને તે બહુ અડે નહીં. ઉલટું, વિકાસના ડાબલાધારીઓને એવા વિચાર પણ આવી શકે કે શહેરનું સારું દેખાડવું હોય તો હજુ થોડા વધારે ફ્લાયઓવર હોવા જોઈએ. એક કામ ન થાય? રોડ પર પાણીનાં તળાવ ભરાઈ જતાં હોય અને વાહનો પાણીમાં ડૂબી જતાં હોય, એવાં દરેક નાના-મોટાં ખાબોચિયાં પર એક-એક ફ્લાયઓવર ખેંચી કાઢ્યો હોય તો? દર વર્ષે કરોડો રૂપિયાની નવી આવક ઊભી થાય– અલબત્ત, તેનો મોટો હિસ્સો નેતાઓ લઈ જાય, પણ થોડોઘણો તો તંત્રમાં રહે. તેમાંથી વધુ ફ્લાયઓવરના કોન્ટ્રાક્ટ આપી શકાય, એક જ રોડ પર વર્ષમાં એક વારને બદલે બે-ત્રણ વાર ડામર-કપચીનાં પડ પાથરવાના કોન્ટ્રાક્ટ આપી શકાય અને સરવાળે વિકાસની ધમધમાટી ચાલુ રહે.

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

પરંતુ બધા લોકો સરખા નથી હોતા. કેટલાક એવા વિઘ્નસંતોષી હોય છે કે તેઓ સરકારની મહાનતાની જેમ આ પ્રકારના વિકાસની મહત્તા પણ સ્વીકારતા નથી અને તેના નામે નિયમિત રીતે થતા તોતિંગ ગોટાળા સામે સવાલ કરે છે. પરંતુ સરકારભક્તિમાં પડેલો એક વર્ગ તેમના બચાવ માટે તત્પર હોય છે. તેમની દલીલો સાંભળીને સંશયાત્માઓને એવી શંકા જાગે કે આંખ સામે દેખાતા મસમોટા સરકારી ભ્રષ્ટાચાર, નેતાઓને થતી અઢળક કમાણી અને લોકોને પડતી અગવડો સરકારના ભક્તોને કેમ નહીં દેખાતી હોય?

શું તેમના લાભાર્થે ચોમાસામાં અલાયદા રસ્તા રાખવામાં આવતા હશે? તેમની ભક્તિની કદર કરીને તેમના ઘર આગળ પાણી ન ભરાય એવી ખાસ વ્યવસ્થા સરકાર ગોઠવી આપતી હશે? તેમના બિનશરતી અને કાયમી સમર્થનના બદલામાં તેમના ઘરની નજીકમાં બનતા ફ્લાયઓવર સરકાર ઝડપથી પૂરા કરી આપતી હશે? તેમના ઘર પાસેના રોડ વર્ષોવર્ષ ટકી રહે એવા મજબૂત બનતા હશે?

સૌ જાણે છે કે એવું કંઈ બનતું નથી.

ભક્તો માટે રસ્તાની હાલત, કામમાં વિલંબ, ચોમાસામાં અગવડો, પેટ્રોલના ભાવ... આ બધું એકસરખું જ હોય છે. ફરક ફક્ત ડાબલાં હોવા-ન હોવાનો પડી જાય છે. ભક્તિમાં આંખો તો રહે છે, પણ દૃષ્ટિ જતી રહે છે. પછી તંત્ર સરકાર લાગે છે અને સરકાર દેશ.

એવી સ્થિતિમાં સરકારી રાહે ટકાઉ કામ કે સમારકામ થવાની થોડી આશા કદાચ રાખી શકાય, પણ ભક્તદિમાગના સમારકામની આશા રાખવી વ્યર્થ બની જાય છે.

## ઈશિતાનું અલકમલક

### એક આશિક કી ‘ઊંચી’ પસંદ

આપણામાં એક કહેવત છે : ‘મારવો તો મીર’. એ જ રીતે, બીજી ઉક્તિ છે :‘ રાખવું તો ઊંચું નિશાન.. ન માફ નીચું નિશાન’ ને હજુ ત્રીજી કહેવત છે તમે કહેશો : ‘‘બસ, ઈશિતા. આ તેં શું માંડ્યું છે? પેલા સની દેઓલની જેમ ‘તારીખ પે તારીખ’ જેવું આ ‘કહેવત પે કહેવત?’’વેલ, ‘ઇશિતા’ને અહીં વાત કરવી છે એક એવા ધનવાન આરબ આશિકની, જે એની માશૂકા માટે ‘લવ કે લીયે સાલા કુછ ભી કરેગા’ જેવા આક્રમક મૂડમાં હતો. આ ઘટના ગલ્ફના એક દેશ દુબઈની છે. આશિક યાની કે એક જુવાન આરબ એની પ્રેયસીને નાનીમોટી તો ઘણી કિંમતી ભેટ-સોગાત આપી ચૂક્યો હતો પણ હવે એ પોતાની મહેબૂબાને એવું કોઈ નજરાણું આપવા ઈચ્છતો હતો કે માશૂકા સહિત દુનિયા



આખી છક થઈ જાય. એણે બહુ વિચાર્યું:‘ આકાશના તારા તોડીને આપવાની વાત તો હવે જુનવાણી લાગે. માણસ હવે મંગળ સુધી પહોંચવામાં છે. ડિઝલ -પેટ્રોલ તો દુબઈમાં પાણી કરતાંય સસ્તું છે. હીરા-પ્લેટિનમની ગિફ્ટ તો ક્યારની આપી ચૂક્યો. હવે શું?’ બહુ મનોમંથન પછી આપણા આ મિસ્ટર પ્રેમીને એક એવી અજબ સોગાત મનમાં આવી કે જે અત્યંત અતિ મૂલ્યવાન હોવા ઉપરાંત કોઈ પ્રેમીએ ક્યારેય એની પ્રેમિકાને નહીં આપી હોય. યુવાન આશિકની સોગાત એવી હતી કે જે પેકેટમાં ગિફ્ટ રેપ ન થાય એટલે આ આશિકે એની ભેટનું વર્ણન લખી એક ડાયમન્ડ સાથે ગોલ્ડન બોક્સમાં ગોઠવ્યું. ત્યાર બાદ પોતાની લવર આરબ કન્યાને એક સમી સાંજે અફાટ રણમાં બોલાવી ને પછી સ-પ્રેમ આપ્યું પેલું ગોલ્ડન બોક્સ. માશૂકા તો પોતાને મળેલી ભેટનું વર્ણન વાંચીને ઝૂમી ઊઠી. પછી પ્રેમી યુવાને એને હાથોહાથ ડિલિવરી કરી. એ અનોખી ગિફ્ટ હતી ઊંટનું એક નમણું નવજાત બચ્ચું! ગલ્ફના દેશોમાં ઊંટનું ખાસ્સું મહત્ત્વ છે. એમાંય ઊંચી નસ્લના ઊંટ બહુ તગડા ભાવે વેચાય એટલે કોઈ એનું બચ્ચું વેચે નહીં માટે આ આપણા આશિકકુમાર એની માશૂકાબેબી માટે ઊંટનું નવજાત શિશુ ચોરીને લઈ આવ્યા હતા! જે શ્રીમંતનું બેબી ઊંટ ગુમ થયું હતું એણે તો ગામ ગજાવ્યું. પોલીસ દોડવા માંડી. બાળ - ઊંટની ચોરીના સમાચાર છાપાં- ટીવી પર એવા વાયરલ થઈ ગયા કે પેલું પ્રેમીયુગલ ગભરાયું : ‘ઊંટનું બચ્ચું કંઈ ડાયમન્ડનું નંગ નહોતું કે વીંટીમાં જડીને આંગળીમાં પહેરી લો એટલે કોઈને દેખાય નહીં. પ્રેમીયુગલ એવું ભયભીત થયું કે ઊંટના બચ્ચા સાથે સામેથી પોલીસને શરણે ગયું. ઈશ્કના ઉન્માદમાં કરેલી ચોરી સ્વીકારી લીધી ને કહ્યું : ‘‘ભાઈજાન, ભૂલ થઈ ગઈ!’’ - અને જેનું ઊંટ -બચ્ચું ચોરાયું હતું એ શ્રીમંતે પેલા આશિક યુગલની લવલી લવસ્ટોરી સાંભળીને એમને માફી બક્ષી.

### સરવાળે બાદબાકી ને પછી ગોટાળાનો ગુણાકાર!

ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ માટે ‘બેપ્ટિઝમ’ તરીકે ઓળખાતી દીક્ષા- શુદ્ધિસંસ્કાર કે નામકરણની વિધિ અત્યંત પવિત્ર અને અગત્યની ગણાય છે. આ વિધિને લઈને બમ્બૈયા ભાષામાં કહીએ તો થોડા સમય પહેલાં બડી બબ્બાલ મચી ગઈ હતી. ક્રિશ્ચિયન



ધર્મના વડા મથક વેટિકન ચર્ચ દ્વારા દર્શાવેલી પ્રથા અને નિયમ મુજબ જ આ વિધિનું પાલન કરવાનો વણલખ્યો નિયમ સૈકાઓથી ચાલ્યો આવે છે. જગતભરના પાદરી-ફાધર એનું અક્ષરશઃ પાલન કરે છે. એમાં ખ્રિસ્તી ધર્મના જાણકારોને જાણ થઈ કે એન્ડ્રેસ આરંગો નામના એક અમેરિકન પાદરી ’બેપ્ટિઝમ’ કરવાની વિધિમાં જબરા લોચા મારે છે. વેટિકન દ્વારા માન્ય શબ્દોને બદલે પોતાની ઈચ્છા મુજબ શબ્દો વાપરીને વિધિ પતાવે છે. આનો અર્થ એ થયો કે અત્યાર સુધીમાં એણે જે હજારો લોકોને આ વિધિ કરાવી એ નિયમોનુસાર નહોતી. શાસ્ત્રોક્ત રીતે માન્ય નહોતી એટલે બીજા શબ્દોમાં એ ધાર્મિક દ્રષ્ટિએ રદબાતલ ગણાય. પત્યું . આવી જાણ થતાં ખ્રિસ્તીઓની ધાર્મિક લાગણી દુભાઈ. એ ચિંતામાં પડયા : ‘હવે કરવું શું?’ જવાબમાં વેટિકનવાળા કહે છે કે શક્ય હોય તો અન્ય કોઈ અધિકૃત-અનુભવી ફાધર પાસે ફરી ‘બેપ્ટિઝમ’ ની રીત-રસમ પૂરી કરો. આવા મૂંઝાયેલા આસ્થાળુઓને માર્ગદર્શન દેવા માટે એક ખાસ વેબસાઈટ પણ શરૂ કરવામાં આવી અને આ દરમિયાન પેલા લોચો મારનારા પાદરીને કામચલાઉ રજા પર ઉતારી દેવામાં આવ્યા. હવે જસ્ટ હળવા મિજાજે આપણે એક વાર ધારી લઈએ કે આપણે ત્યાં દંપતીઓને પણ જાણ થાય કે એમની લગ્નવિધિમાં પણ ગોરમહારાજાએ સપ્તપદીના ફેરા વખતે શ્લોકમાં લોચા માર્યા હતા એટલે એ લગ્ન ફોક તો બોલો, હજારો યુગલોને કેવો જેકપોટ લાગી જાય. એ લગ્ન જો રદબાતલ ગણાય તો એમની લાઈફ તો કેવી જિંગ્ગાલાલા થઈ જાય!

## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ક્યારેક શબ્દો કરતાં તસવીરો સચોટ બયાન કરી જતી હોય છે. આ વખતે ‘ઈશિતા’એ અહીં આવી બે તસવીરની વાત કરવી છે.વર્ષો પહેલાં ચીનના શાસન વિરુદ્ધ ત્યાંનો એક યુવાન બેજિંગના તિઆનમેન સ્કવેરમાં લશ્કરી ટેન્કસની સામે ખડો રહી ગયો હતો... એ તસવીરને વિશ્વભરમાં પ્રસિદ્ધિ મળી હતી. એ તમે અચૂક જોઈ જ હશે. તાજેતરમાં જનરેશન ઝીએ સરકારની શિક્ષણ નીતિ - રીતિ વિરુદ્ધ દિલ્હી -મુંબઈમાં જબરું આંદોલન ચલાવ્યું ત્યારે એક યુવતીએ મુંબઈ પોલીસને કેવી રીતે આગળ વધતાં અટકાવી દીધી એની પણ ઝલક અહીં જોવા મળે છે!





(તસવીર સૌજન્ય : ‘મુંબઈ મિરર’ )

## ઈશિતાની એલચી

**ભૂલ એ કંઈ ભૂલ રહેતી નથી. સમય જતાં એ ભૂલ અનુભવ બની જાય છે!**